# ધોરણ – 11-12
# તત્ત્વજ્ઞાન (336)
# અભ્યાસક્રમ સંરચના

**પ્રસ્તાવના :**

આપણા પ્રાચીન ઋષિમુનિઓને મન તત્ત્વજ્ઞાન કે ધર્મ એ ક્યારેય પણ વ્યાસંગ (Hobby) કે બૌદ્ધિક વિલાસનું સાધન ન હતાં. સાક્ષાત્ કરેલી વિચારધારાને જ આપણે ત્યાં 'તત્ત્વજ્ઞાન'નું ગૌરવશાળી પદ આપવામાં આવ્યું છે, આ તત્ત્વજ્ઞાનની વિવિધ શ્રેણીઓ તે જ દર્શન. દર્શન એ અ-પરોક્ષ (પ્રત્યક્ષ) જ્ઞાન જ છે.

ભારતવાસીને મન તત્ત્વજ્ઞાન એ 'દર્શન' છે. જીવનરીતિ છે. આપણે ત્યાં જીવનને ઉત્તમોતમ પૂર્ણ ભૂમિકાએ મૂકવાના પુરુષાર્થમાંથી જ તત્ત્વજ્ઞાનનું ખેડાણ થયું છે અને તેમાં વિવિધ દાર્શનિક પદ્ધતિઓના પ્રયોગો થયેલા છે. ભારતમાં જે વિવિધ દર્શનો છે, તે સૌના પ્રણેતાઓ સત્યનો સીધો અનુભવ કરનાર ઋષિ-મુનિઓ છે. સત્યને જાણવાની માનવ-મહેચ્છાના વિકાસની ક્રમિક શ્રેણી, તે વિવિધ દર્શનો રૂપ વિચારધારાઓ છે.

પ્રાચીનકાળના ભારતવાસીઓ સત્યની શોધ કરીને અટકી જતા નહીં, પણ એ સત્ય પોતાના અનુભવમાં ઉતારવા પ્રયત્ન કરતા, સત તત્ત્વનું જ્ઞાન થયા પછી તેઓ મોક્ષ મેળવવાનો પરમ-પુરુષાર્થ કરતા. મોક્ષ એ કેવળ બુદ્ધિથી થયેલી પ્રતીતિ નહીં પણ એ ફિલસૂફીનું ખરું ધ્યેય માનતા. ભારતીય તત્ત્વજ્ઞાન તર્કની સીમા વટાવી તેની પેલી પાર જવાનું ધ્યેય રાખે છે. જયારે પશ્ચિમમાં તત્ત્વચિંતનનો ઉદય આશ્ચર્ય અથવા કુતૂહલની લાગણીમાંથી થયેલો જણાય છે, પણ ભારત વર્ષમાં તેમ બન્યું ન હતું. અહીં તો જીવનમાં પાપ અને દુઃખ જોઈને માણસોનાં મન બેચેન થઈ ગયેલા ને તેમાંથી છૂટવાનો ઉપાય શોધવાની ભારે તાલાવેલી તેમને થતી હતી. એવી વ્યવહારિક જરૂરિયાતમાંથી તત્ત્વજ્ઞાનનો જન્મ થયેલો. આ મુદ્દાને ધ્યાનમાં લઈ ભારતીય તેમજ પાશ્ચાત્ય વૈજ્ઞાનિક દૃષ્ટિકોણને વિદ્યાર્થી સુપેરે સમજી શકે એ માટે આ મુદ્દાને સમાવવાની અગત્ય પિછાણી છે.

# ધોરણ-11

## તત્ત્વજ્ઞાન (336)

**સામાન્ય હેતુ :**

(1) વિદ્યાર્થીઓમાં વિષયવસ્તુનું જ્ઞાન પ્રાપ્ત થાય.
(2) વિદ્યાર્થીઓમાં વિષય વિશેની સાચી સમજ પ્રા.પ્ત. થા.ય..
(3) વિદ્યાર્થી વિષયની ઉપયોગિતા સમજે.
(4) વિદ્યાર્થીઓમાં કૌશલ્ય વિકસે.

**વિશિષ્ટ હેતુ :**

(1) વિદ્યાર્થીઓની તર્કશક્તિનો વિકાસ થાય.
(2) તર્કશક્તિના વિકાસ દ્વારા ઉચ્ચશિક્ષણમાં પ્રગતિ થાય.
(3) ઉત્તમ નાગરિકનું ઘડતર થાય.
(4) પ્રસ્તુત વિષયનાં અભ્યાસ દ્વારા અન્ય વિષયો સાથેના સંબંધનું જ્ઞાન પ્રાપ્ત થાય.
(5) ભારતીય-પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન વિશેની સમજ પ્રાપ્ત થાય.
(6) જગતના અંતિમ તત્ત્વો : જીવ-જગત-ઈશ્વર વિશેના પાયાના પ્રશ્નોની સમજ પ્રાપ્ત થાય.
(7) તત્ત્વમીમાંસાકીય પ્રશ્નોની સમસ્યાના ઉકેલો માટેનું યોગ્ય માર્ગદર્શન પ્રાપ્ત થાય.

**પ્રકરણ - 1 : તર્કશાસ્ત્રની સમજ**

- તર્કશાસ્ત્રની વ્યાખ્યા અને સ્વરૂપ
- તર્કશાસ્ત્રનો અભ્યાસ વિષય
- દલીલનું સ્વરૂપ
  - આધાર વિધાન
  - ફલિત વિધાન
- દલીલના પ્રકારો
  - નિગમનલક્ષી દલીલ
  - વ્યાપ્તિલક્ષી દલીલ
- વિધાનોની સત્યતા અને દલીલોનું પ્રામાણ્ય

**પ્રકરણ - 2 : પરંપરાગત તર્કશાસ્ત્રની દૃષ્ટિએ વિધાનો**

- વિધાનનું લક્ષણ
- વિધાન અને વાક્ય વચ્ચેનો તફાવત
- નિરૂપાધિક વિધાન
  - અર્થ (લક્ષણ)
  - બંધારણ
  - પ્રકારો
  - પદોની વ્યાપ્તિ

**પ્રકરણ - 3 : અનુમાન અને તેના પ્રકારો**

- અનુમાનનો અર્થ
- અનુમાનના પ્રકારો
- વિરોધાશ્રિત અનુમાન અને તેના પ્રકારો
- સામ્યાર્થી અનુમાન અને તેના પ્રકારો

**પ્રકરણ - 4 : અર્વાચીન તર્કશાસ્ત્રની દૃષ્ટિએ સંયુક્ત વિધાનો**

- પ્રતીકોનું મહત્ત્વ
- સાદા અને સંયુક્ત વિધાન
- તાર્કિકકારક અને તેના પ્રકારો
  - વિધાનપરક અચલ અને વિધાનપરક પરિવર્તી
  - સત્યતાફલનલક્ષી સંયુક્ત વિધાન
  - સંયુક્ત વિધાનનાં પ્રકારો

**પ્રકરણ - 5 : જટિલ સંયુક્ત વિધાન**

- જટિલ સંયુક્ત વિધાનનું લક્ષણ
- જટિલ સંયુક્ત વિધાનના પ્રકારો
- કારકોનું ક્ષેત્ર અને કૌંસનો ઉપયોગ
- સર્વોપરીકારક
- કૌંસના ઉપયોગને લગતા નિયમો

**પ્રકરણ - 6 : તત્ત્વજ્ઞાન**

- તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ
- તત્ત્વજ્ઞાનનું વિષયવસ્તુ
- તત્ત્વજ્ઞાનનો અન્ય શાસ્ત્રો સાથેનો સંબંધ (તર્કશાસ્ત્ર - ધર્મ-વિજ્ઞાન-નીતિ તથા શિક્ષણશાસ્ત્ર)
- તત્ત્વજ્ઞાનની ઉપયોગિતા

**પ્રકરણ - 7 : દર્શનશાસ્ત્ર**

- 'દર્શન' શબ્દનો અર્થ
- ભારતીય દર્શનની વિશેષતા
- વૈદિક દર્શનો (ષડ્દર્શનો)
- અવૈદિક દર્શનો
- પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન અને ભારતીય દર્શન-વિભિન્ન દૃષ્ટિકોણ

**પ્રકરણ - 8 : જગત**

- 'પ્રકૃતિ' અને 'પુરુષ'નો અર્થ
- 'પ્રકૃતિ' અને 'પુરુષ'નું સ્વરૂપ
- 'પ્રકૃતિ'ના ગુણો
  - સત્ત્વ
  - રજસ
  - તમસ
- જગત (સૃષ્ટિ)ની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય

**પ્રકરણ - 9 : જીવાત્મા**

- જીવાત્માના વિવિધ સ્વરૂપ
  - સાંસારિક
  - માનસિક
  - નૈતિક
- જીવાત્માનું મૂળ સ્વરૂપ
  - જીવાત્માનો મોક્ષ
  - જીવાત્માનો પરમાત્મા સાથેનો સંબંધ
- કર્મનો નિયમ અને પુનર્જન્મનો સિદ્ધાંત

**પ્રકરણ - 10 : ઈશ્વર**

- ઈશ્વરનું સ્વરૂપ
- ઈશ્વરના ગુણધર્મો
  - તાત્ત્વિક
  - નૈતિક
- ઈશ્વરનો જગત સાથેનો સંબંધ
  - પર-ઈશ્વરવાદ
  - સર્વેશ્વરવાદ
  - ઈશ્વરવાદ

# ધોરણ-12

## તત્ત્વજ્ઞાન (336)

* **સામાન્ય હેતુ :**

(1) વિદ્યાર્થીઓમાં વિષયવસ્તુનું જ્ઞાન પ્રાપ્ત થાય.

(2) વિદ્યાર્થીઓમાં વિષય વિશેની સાચી સમજ પ્રાપ્ત થાય.

(3) વિદ્યાર્થી વિષયની ઉપયોગિતા સમજે.

(4) વિદ્યાર્થીઓમાં કૌશલ્યોનો વિકાસ થાય.

* **વિશિષ્ટ હેતુ :**

(1) વિદ્યાર્થીઓની તર્કશક્તિનો વિકાસ થાય.

(2) વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક જીવનદૃષ્ટિનો વિકાસ થાય.

(3) વિદ્યાર્થીઓમાં ઘડતર થાય.

(4) સર્વધર્મ સમભાવની ભાવના કેળવાય.

(5) સ્વાસ્થ્યની જાળવણીમાં મદદરૂપ થાય.

(6) રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાની ભાવનાનો વિકાસ થાય.

### પ્રકરણ - 1 : વિધાનનાં રૂપો અને તેના પ્રકારો

- સાદું વિધાન અને સંયુક્ત વિધાન (વિસ્તૃત સમજ આપવી)
- તાર્કિક કારકો, વિધાન પરક અચલ, વિધાન પરક પરિવર્તી
- $\sim$, &, $\vee$, $\rightarrow$, $\leftrightarrow$ મૂળભૂત પાંચ કારકોનું તાર્કિક સ્વરૂપ
- જટિલ સંયુક્ત વિધાનો
    - કારકોનું ક્ષેત્ર
    - કૌંસનો ઉપયોગ
- સત્યતાકોઠા દ્વારા સત્યતામૂલ્ય નિશ્ચિત કરવાની પદ્ધતિઓ અને
- મનોયત્ન

### પ્રકરણ - 2 : દલીલનાં રૂપો અને પ્રામાણ્ય

- દલીલનું રૂપ
- દલીલના રૂપનું સ્થાનાપતિ નિદર્શન
- પ્રમાણભૂત અને અપ્રમાણભૂત રૂપની લાક્ષણિકતા
- દલીલનું પ્રામાણ્ય નક્કી કરવાની સત્યતાકોઠાની પ્રત્યક્ષ રીત અને
- મનોયત્ન

## પ્રકરણ - 3 : અનુમાનના નિયમો

- ~, &, ∨, → અને ↔ ને લગતાં અનુમાનના આઠ નિયમો
- અનુમાનના નિયમોને લગતી રૂપલક્ષી સાબિતીઓની સમજૂતી
- અનુમાનના નિયમોને લગતી રૂપલક્ષી સાબિતીઓનો મનોયત્નો

## પ્રકરણ - 4 : નિરુપાધિક સંવિધાન

- નિરુપાધિક વિધાનનું લક્ષણ અને બંધારણ
- નિરુપાધિક વિધાનના પ્રકારો
- નિરુપાધિક વિધાનમાં આવતાં પદોની વ્યાપ્તિ
- નિરુપાધિક સંવિધાનનું લક્ષણ અને બંધારણ
- નિરુપાધિક સંવિધાનની આકૃતિ અને ભેદ
- વિધાનના અસ્તિત્વલક્ષી ભાવાર્થના સંદર્ભમાં સંવિધાનના નિયમો અને તેમના ભંગથી થતાં દોષો
- મનોયત્ન

## પ્રકરણ - 5 : કાર્યકારણસંબંધ

- કાર્યકારણ સંબંધનું સ્વરૂપ
- વૈજ્ઞાનિક દૃષ્ટિએ કારણનો અર્થ
- કારણબહુત્વ
- કાર્યકારણ સંબંધની એકરૂપતા
- વ્યાપ્તિના પ્રકારો
  - સાદીગણના મૂલકવ્યાપ્તિ
  - વૈજ્ઞાનિક વ્યાપ્તિ
- જે. એસ. મિલની પ્રાયોગિક અન્વેષણ રીત
- મનોયત્ન

## પ્રકરણ - 6 : ભારતીય તર્કશાસ્ત્રમાં અનુમાન

- ન્યાયની દૃષ્ટિએ અનુમાનનું સ્વરૂપ અને લક્ષણ
- ભારતીય અનુમાનનું બંધારણ
- ન્યાયની દૃષ્ટિએ અનુમાનના પ્રકારો
- વ્યાપ્તિનું સ્વરૂપ અને તેના પ્રકારો
  - વ્યાપ્તિનું લક્ષણ તેના ફલિતાર્થો
  - વ્યાપ્તિનું સમર્થન કરવાની વિધિ
  - વ્યાપ્તિના પ્રકારો
- પંચાવયવી અનુમાનની નિરુપાધિક સંવિધાન સાથે તુલના

**પ્રકરણ - 7 : મૂલ્યમીમાંસા**

- મૂલ્યનું સ્વરૂપ
    - હકીકત અને મૂલ્ય વચ્ચેનો ભેદ
    - મૂલ્યનો જીવનદૃષ્ટિ સાથેનો સંબંધ
    - મૂલ્યોની વ્યક્તિલક્ષિતા અને વસ્તુલક્ષિતા
- મૂલ્યના પ્રકારો
- મૂલ્ય તરીકે સત્ય, શિવ અને સુંદરનું સ્વરૂપ
- સત્ય, શિવ અને સુંદરનો પારસ્પરિક સંબંધ

**પ્રકરણ - 8 : જગતના વિદ્યમાન ધર્મો**

- ધર્મનો અર્થ
- જગતના વિદ્યમાન ધર્મોનો સંક્ષિપ્ત પરિચય
- વિવિધ ધર્મોના પવિત્ર ગ્રંથો અને તેના અભ્યાસનું મહત્ત્વ
- વિવિધ ધર્મોના નૈતિક સિદ્ધાંતો
- વર્ણધર્મ અને આશ્રમધર્મ

**પ્રકરણ - 9 : સર્વધર્મની તાત્ત્વિક એકતા અને સર્વધર્મ સમભાવ**

- ધાર્મિક જીવનનું મહત્ત્વ
- ધાર્મિક જીવનનું વિશ્લેષણ
    - ધાર્મિક જીવનમાં જ્ઞાનનું સ્થાન
    - ધાર્મિક જીવનમાં ભક્તિનું સ્થાન
    - ધાર્મિક જીવનમાં નીતિનું સ્થાન
    - ધાર્મિક જીવનમાં વૈરાગ્યનું સ્થાન
- સર્વધર્મ સમભાવ

**પ્રકરણ - 10 : આત્મસાક્ષાત્કારની વૈજ્ઞાનિક પદ્ધતિ**

- યોગનો અર્થ < યોગદર્શન >
- યોગઃ એક જીવન દૃષ્ટિ
- ચિત્તની અવસ્થાઓ
- યોગાભ્યાસી માટે આહાર-વિહાર-દિનચર્યા
- અષ્ટાંગયોગ